તમે જો સીધા ઉભા રહ્યા હો તો વાંકા ચૂકા પડછાયાની દરકાર ન કરશો
- ચીની કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૬ | ૬ જુલાઇ, ૨૦૧૪, રવિવાર; અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



## NEWS બિટ્સ

● **કપિલ શર્મા 'બેન્ક ચોર'માંથી આઉટ**



જે ફિલ્મને કારણે કપિલ શર્માએ પોતાનો સુપરહીટ શૉ 'કોમેડી નાઈટ્સ વિથ કપિલ' બંધ કરવાનો નિર્ણય કર્યો એ જ ફિલ્મ 'બેન્ક ચોર'માંથી તે આઉટ થઈ ગયો છે. યશરાજ ફિલ્મ્સે એક સત્તાવાર નિવેદનમાં આ નિર્ણયની જાહેરાત કરી હતી.

● **ગુન્હાખોરીમાં સુરત દેશમાં નંબર-૧**



૨૦૧૩માં ગુજરાતમાં એકંદરે હિંસક ગુન્હાખોરીમાં ૨૧ ટકાનો વધારો થયો હતો. દેશમાં સિક્કીમ(૬૧ ટકા) અને મેઘાલય (૨૭ ટકા) બાદનો સૌથી ઉંચો ક્રાઈમ રેટ ગુજરાતમાં છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના લેટેસ્ટ ડેટા મુજબ ક્રાઈમ રેટમાં ગુજરાતનો ક્રમ ૧૦મો છે. ગુજરાતમાં સુરત અને વડોદરામાં સૌથી વધુ ગુન્હાખોરી વધી છે.

# મેટ્રો રેલ પ્રોજેક્ટ પાટા પરથી ખડ્યો

## મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રચાયેલ કંપનીએ ત્રણ વર્ષમાં જ રૂ. ૯.૬૩ કરોડની ખોટ કરી છે

## ત્રણ વર્ષમાં ત્રણ વખત એલાઈનમેન્ટ બદલાયા : રેલવે બજેટ પર સૌની મીટ મંડાઈ છે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકારનો અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ મેટ્રો રેલને કેન્દ્ર સરકારે પરિવહન પોલીસી મુજબનો ડી.પી.આર. નહિ હોવાને કારણે તે પરત મોકલી દેતાં કેન્દ્રીય સહાય સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે તો બીજી તરફ મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે સ્થાપયેલી કંપની ''મેગા'' એ તેની સ્થાપનાના ત્રણ વર્ષમાં જ રૂ. ૯ કરોડની ખોટ કરી છે હજુ આ કંપનીએ તેની કામગીરી શરૂ કરી નથી ત્યાં જ ખોટ !!

ત્રણ વર્ષમાં ત્રણ વખત એલાઈન્મેન્ટ બદલી આખરે ૭૬ કિ.મી.ના એલાઈન્મેન્ટને આધારે કંપનીએ નવેસરથી સર્વે સહિતની કામગીરી આરંભી છે.

મેગા અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો વચ્ચે જોડાણ દ્વારા જાહેર જનતાને સલામત, ઝડપી અને પર્યાવરણને સાનુકૂળ રેલ આધારિત જાહેર પરિવહન સેવા પુરી પાડવાના ઉદ્દેશ્ય સાથે કંપની કાર્યરત થઈ હતી.

વિધાનસભા ગૃહમાં રજુ થયેલા તેના ત્રણ વર્ષના અહેવાલમાં જણાવાયા મુજબ કંપની પ્રોજેક્ટના અમલીકરણ સંબંધીત ખર્ચને કારણે રૂ. ૯.૬૩ કરોડની ખોટ થઈ છે. જે નિયત સમયે મૂડીકૃત કરવામાં આવશે.

૭-૫-૨૦૦૯ના એક આદેશ અન્વયે આ મેગા કંપનીની રચનાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને ૨૦૧૦ ના ફેબ્રુઆરીમાં તેની વિધિવત્ કંપની તરીકે નોંધણી કરવામાં આવી હતી.

મેગા કંપનીએ રચના પૂર્વે થયેલ એક કરોડથી પણ વધુનો ખર્ચ માંડવાળ કરવાનો નિર્ણય કર્યો હતો. તેમજ તેણે પહેલાં ૯૩ કિ.મી.ની લંબાઈ ધરાવતી સાત લાઈનો કરવાનું સૂચન કર્યું હતું. આ સાત લાઈનો પૈકીનો પ્રથમ તબક્કો ૨૦૧૫માં પૂર્ણ કરવાનું આયોજન કર્યું હતું.

આ પછી ૮૧.૩૩ કિ.મી.ની લંબાઈ ધરાવતો રૂટ આખરી કરી પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૧૫,૭૮૯ કરોડનો અંદાજ્યો હતો. જેમાં ૨૫ ટકા લેખે કેન્દ્ર સરકારનો ફાળો અને

● અનુસંધાન પાન-૭ પર



# સે-૭ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં એક પણ શિક્ષક નથી!!

## ધો-૧૧ અને ૧૨માં સરકારી એક પણ શિક્ષક નથી મસ્ટર જમા કરાવી દેવું પડે તેવી સ્થિતિ : સરકારની નજર સામે જ દિવા તળે અંધારું

**પાટનગરની શિક્ષણ કથા -૨**

ગાંધીનગર, તા.૫

સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવા સરકારી ચોપડે અનેકવિધ યોજનાઓ સોહામણા નામે સમયે સમયે પ્રગટે છે. સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયાને જીરો લેવલ સુધી પહોંચાડવા શાળા પ્રવેશોત્સવની ઉજવણી અન્વયે નીતનવા કાર્યક્રમો યોજવામાં આવે છે. પરંતુ સરકારી શાળાઓમાં શિક્ષકોના અભાવ વચ્ચે રૂંધાતા વિદ્યાર્થીઓના ફાયદાના શિક્ષણ પ્રત્યે શિક્ષણ વિભાગ ખુદ અંધેર સ્થિતિમાં હોય તેવી સ્થિતિ છે. પાટનગરમાં પણ શિક્ષણક્ષેત્રે દિવા તળે અંધારું હોય તેવી દયાજનક સ્થિતિ હોવાની વાસ્તવિકતા સામે આવી છે. નવા સચિવાલયથી ગણતરીના ડગલાઓ દુર સે-૭ સરદાર વલ્લભભાઈ પટેલ શાળામાં કાર્યરત હાયર સેકન્ડરી વિભાગમાં જ એક પણ શિક્ષક નથી. આચાર્યએ મસ્ટર પણ જમા કરી દીધું છે. શિક્ષકો ન હોવાથી ધો-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને વર્ગખંડમાં ભણાવવાનું પણ મુશ્કેલ બન્યું છે. વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાને રાખી શાળા કક્ષાએથી ખાનગી શિક્ષકોની મદદથી વર્ગો ચલાવવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રે મોટી ગુલબાંગો હાંકતા સરકારી તંત્રની નજર સામે જ વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા લાચાર સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો છે.

સે-૭માં સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરમાં કાર્યરત ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆતથી જ એક પણ શિક્ષક નથી. હાલમાં શાળામાં ધો-૧૧માં ૫૪ અને ધો-૧૨માં ૭૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જયારે ગ્રાન્ટેડ સ્કુલના ૪ ફાજલ શિક્ષકો જ આ શાળામાં છે તે પણ પી.ટી. તેમજ ગુજરાતી વિષયના છે આવા સંજોગોમાં કોમર્સના વિદ્યાર્થીઓને એકાઉન્ટ તેમજ અંગ્રેજી સહીતના

● અનુસંધાન પાન-૭ પર

# હવે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કિચન-કેબિનેટ

ગાંધીનગર, તા. ૫

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની કામકાજની સ્ટાઈલ તો અલગ જ છે તે સૌ જાણે છે અને ગુજરાત બાદ હવે દેશમાં પણ તેનો અનુભવ થવા લાગ્યો છે. શ્રી મોદીએ પહેલા તો તેમના મંત્રીમંડળને સીમીત રાખ્યું છે. આઝાદી બાદનું આ સંભવતઃ સૌથી નાનુ મંત્રીમંડળ છે અને મોદીએ છેલ્લા દસ વર્ષમાં અને વાસ્તવિક રીતે કહીએ તો સ્વ. ઈન્દીરા ગાંધીના કાર્યકાળ બાદ સતત નબળા પડેલા વડાપ્રધાન કાર્યાલયને લોખંડી મજબુતાઈ બક્ષી છે. સમગ્ર સરકાર પીએમઓથી જ ચાલે છે. કેબીનેટમાં સીનીયર સાથીદાર હોવા છતાં મોદીએ સત્તાનું જબરૂ કેન્દ્રીયકરણ કર્યુ છે અને સરકાર ચલાવવા માટે છ ટોચના બ્યુરોક્રેટ્સને ખાસ જવાબદારી સોંપી છે. બીજા શબ્દોમાં કહો તો આ છ અધિકારીઓ સમગ્ર મોદી સરકાર ચલાવે છે. મોદીની આ કીચન ટીમમાં વડાપ્રધાન કાર્યાલયના પ્રીન્સીપલ સેક્રેટરી નૃપેન્દ્ર મિશ્રા છે. જેઓ અગાઉ ટ્રાઈના ચેરમેન તરીકે નિયુક્ત થયા હતા અને તેઓની પીએમઓમાં નિયુક્તિ માટે મોદીએ પીએમ બનતા જ સરકારી સેવાના નિયમો વટહુકમથી બદલીને શ્રી સિંહાની નિયુક્તિ શક્ય બનાવી હતી. બીજા વિશ્વાસુ અધિકારી છે કેબીનેટ સચીવ શ્રી અજીત શેઠ, જેઓ અગાઉ મનમોહન સરકારમાં પણ આ પદ પર હતા. તેઓને યુપીએ સરકારે ૧ વર્ષનો મુદત વધારો આપ્યા બાદ મોદીએ તે લંબાવી વધુ છ માસ તેઓને કેબીનેટ સેક્રેટરી તરીકે કામ કરવા જણાવ્યું છે. આ જ રીતે ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશનના સેક્રેટરી અમિતાભ કાંત, પેટ્રોલીયમ સચીવ શ્રી સુભાષ ચંદ્રા, પાવર સેક્રેટરી શ્રી પ્રદીપ સિંહા તથા કોલ સચિવ શ્રી

● અનુસંધાન પાન-૭ પર


TET-1 ધોરણ 1 થી 5 માટે જ

ભણાવવામાં આવતા વિષયો :
● બાળ વિકાસ અને શિક્ષણ ● ગુજરાતી ● પર્યાવરણ ● ગણિત ● હિન્દી ● સંસ્કૃત ● અંગ્રેજી ● વિજ્ઞાન અને ટેકનોલોજી ● સામાજિક વિજ્ઞાન ● સામાન્ય જ્ઞાન

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max. 3 months)

ફી માત્ર ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

TET ધો 1 થી 5

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 13.07.2014 | બપોરના 2-30 થી 4-30 | સોમ થી રવિ |
| ગાંધીનગર શાખા માટે | 10.07.2014 | બપોરના 12-15 થી 2-15 | સોમ થી રવિ |
| મહેસાણા શાખા માટે | 11.07.2014 | બપોરના 4-15 થી 6-15 | સોમ થી રવિ |

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607

પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

પેથાપુર શાખા 10.7.2014 (ગુરૂવાર) થી શરૂ થશે
ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

પેથાપુર શાખામાં પ્રવેશ 10.7.2014 થી શરૂ થશે

કલાર્ક / કોન્સ્ટેબલ / તલાટી : વર્ગ-3 માટે જ ખાસ

માસ્ટર કોર્ષ-2014

4 માસનો અભ્યાસક્રમ ગુજરાતી / અંગ્રેજી / ગણિત / બુદ્ધિ ચાતુર્ય / સામાન્ય જ્ઞાન — સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | સાંજના 4-30 થી 6-00 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 11.07.2014 | સાંજના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 15.07.2014 | બપોરના 12-15 થી 1-45 | સોમ થી શુક્ર |

BANK CLERK (IBPS)

શોર્ટકટ સાથે સ્પીડ & એક્યુરસીનું શિક્ષણ — 4 માસનો અભ્યાસક્રમ

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | બપોરના 2-45 થી 4-15 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 17.07.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 21.07.2014 | સવારના 10-30 થી 12-00 | સોમ થી શુક્ર |



હોલસેલ ભાવે લેડીઝ વેરમાં અમદાવાદના સીંધીમાર્કેટના હોલસેલર સતત ત્રણ વર્ષથી ભારત ઉત્સવ અને ગુજરાત ઉત્સવમાં સ્ટોલ રાખનાર હોલસેલ ભાવે સેલ

કુર્તી ટી-શર્ટ, વેસ્ટર્ન અને લેગીન્સ ફક્ત રૂ.૧૦૦ અને ૧૫૦/-

સમય સવારે ૧૦:૩૦ થી રાત્રે ૧૦ બધા દિવસ ચાલુ

બધી સાઈજોમાં ઉપલબ્ધ અને કોટનમાં બધી વેરાયટી સાથે

પ્રિન્ટેડ-ચીકન-પ્લેન-જયપુરી ઝબ્બા પ્રીન્ટેડ પટીયાલા દુપટ્ટા સેટ ફક્ત રૂ.૧૮૦

પ્લેન પટીયાલા સલવાર ફુલસાઈજ ફક્ત રૂ. ૨૨૦માં અને ઘણી બધી સારી વેરાયટી એકદમ સસ્તા ભાવે

આસ્થા એન્ટરપ્રાઈઝ ૯૭૨૬૪ ૫૬૨૨૮
બંગલા નં. ૪૮૫/બી, સેક્ટર ૨૩-૨૪ ચોકડી, આનંદ પ્રસુતિગૃહની બાજુમાં, પટેલ પાર્લરની સામે, ગાંધીનગર



ગાંધીનગર માટે

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઇલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧






ધીરુભાઈ હીરાચંદ અંબાણી
(૨૮.૧૨.૧૯૩૨ - ૬.૭.૨૦૦૨)
ફાઉન્ડર ચેરમેન - રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

તમે અમને શીખવ્યું છે કે આપણા દરેકની જિંદગી ત્યારે જ વધુ ખુશહાલ બનશે જ્યારે આપણા સૌની જિંદગી વધુ સલામત હશે, વધુ સમૃદ્ધ હશે. તમારો જુસ્સો અમારા અભિગમમાં ઓતપ્રોત છે. તમે હરદમ જીવો અમારાં અંતરમાં.

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।
આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
અજન્મ અને અમર એવો એ સનાતન સદાય,
ના કોઇને હણે, ના કોઈથી હણાય.
- ભાગવદ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેમાળ સ્મૃતિમાં
કોકિલાબેન ધીરુભાઈ અંબાણી તથા પરિવાર

Reliance Industries Limited
Growth is Life

www.ril.com